પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૪૯ | ૩૦ એપ્રિલ, ૨૦૧૯, મંગળવાર; ચૈત્ર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ટીએમસીના ૪૦ ધારાસભ્ય ભાજપના સંપર્કમાં : મોદી

## મોદીના નિવેદનથી બંગાળની રાજનીતિમાં ઉથલપાથલ થવાના સંકેત : મમતા બેનર્જીના પગ નીચે જમીન નિકળી ચુકી છેઃ ભાજપનો વિજય નિશ્ચિત : મોદી



સેરમપુર, તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. વડાપ્રધાને સેરમપુરમાં રેલી દરમિયાન કહ્યું હતું કે, ચૂંટણી બાદ ટીએમસીના અનેક ધારાસભ્યો પાર્ટી છોડવા માટે નિર્ણય કરી ચુક્યા છે. મોદીએ દાવો કર્યો હતો કે, ટીએમસીના ૪૦ ધારાસભ્યો ભાજપના સંપર્કમાં છે. મોદીનું આ નિવેદન બંગાળની રાજનીતિમાં ભારે ઉથલપાથલ કરી શકે છે. વડાપ્રધાને મમતા બેનર્જીના એવા નિવેદન ઉપર પ્રતિક્રિયા આપી હતી જેમાં મુખ્યમંત્રીએ મોદીને લોકો રસગુલ્લા ખવડાવશે તેવું નિવેદન કર્યું હતું. મોદીએ કહ્યું હતું કે, જે દેશની માટીમાં મોટા મોટા મહાપુરુષો જનમ લઈ ચુક્યા છે ત્યાં પથ્થરના રસગુલ્લા પણ

તેમના માટે પ્રસાદ સમાન સાબિત થઈ શકે છે. મોદીએ કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળના લોકોની સાથે વિશ્વાસઘાત કરનાર મમતા બેનર્જીની હાલત હવે કફોડી બની ચુકી છે. મમતા બેનર્જીની જમીન હવે સરકી રહી છે. આ દેશની પ્રજા ભુલો માફ કરી શકે છે પરંતુ વિશ્વાસઘાતને ચલાવવા તૈયાર નથી. મોદીએ કહ્યું હતું કે, મમતા બેનર્જીની હાલત હવે કફોડી બની ચુકી છે. ૨૩મી તારીખના દિવસે પરિણામ જાહેર થયા બાદ ચારેબાજુ કમળ ખિલી ઉઠશે. ટીએમસીના ધારાસભ્યો પણ મમતા બેનર્જીને છોડીને ભાગી જશે. આજે પણ ૪૦ ધારાસભ્યો ભાજપના સંપર્કમાં છે. મમતા બેનર્જીનું બચવું મુશ્કેલ છે. કારણ કે, લોકો સાથે વિશ્વાસઘાત મમતા બેનર્જી દ્વારા કરવામાં આવ્યો છે. મોદીએ ઉમેર્યું હતું કે, મમતા

● અનુસંધાન પાન-૭ પર

## ટીએમસી ભારે લાલઘૂમ : ચૂંટણી પંચ સમક્ષ હોર્સટ્રેડિંગની ફરિયાદ

### ટીએમસીના કોઇ નેતા ભાજપમાં જોડાશે નહીં : ઓબ્રાયન

કોલકાતા, તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ટીએમસીના ૪૦ ધારાસભ્યો પાર્ટીના સંપર્કમાં હોવાની વાત કરીને ટીએમસીમાં ખળભળાટ મચાવી દીધો છે. ટીએમસી દ્વારા હોર્સટ્રેડિંગનો આક્ષેપ કર્યો છે. ટીએમસીના સભ્યોએ ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ કરવાની વાત કરી છે. ટીએમસી તરફથી સાંસદ ડેરેક ઓ બ્રાયને પ્રતિક્રિયા આપી છે અને કહ્યું છે કે, વડાપ્રધાનના આ નિવેદન બાદ ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ કરવામાં આવશે. બેરેક ઓ બ્રાયને મોદીને એક્સપાયરી બાબૂ તરીકે સંબોધીને કહ્યું હતું કે, ટીએમસીના કોઈ નેતા ભાજપની સાથે જવા માટે તૈયાર નથી. તેમણે કહ્યું હતું કે, મોદી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. સાથે સાથે હોર્સટ્રેડિંગ કરી રહ્યા છે. તેમની એક્સપાયરી ડેટ નજીક આવી પહોંચી છે. મોદીની સામે હોર્સટ્રેડિંગની ફરિયાદ કરવામાં આવનાર છે. પશ્ચિમ બંગાળના સેરમપુરમાં ચૂંટણી સભાને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળના લોકોની સાથે મમતા બેનર્જીએ વિશ્વાસઘાત કર્યો છે. પ્રજા ભુલ માફ કરી શકે છે પરંતુ વિશ્વાસઘાતને માફ કરશે નહીં.

## ન્યુઝ ટ્રેક

### બાબુલ સુપ્રિયો વિરૂદ્ધ ફરિયાદ દાખલ થશે

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના આસનસોલ લોકસભા સીટના ભાજપના ઉમેદવાર અને જાણીતા ગાયક બાબુલ સુપ્રિયો વિરૂદ્ધ કેસ દાખલ કરવાનો નિર્દેશ કર્યો છે. કેન્દ્રિય મંત્રી અને ભાજપના ઉમેદવાર બાબુલ સુપ્રિયો પર બૂથમાં જબરજસ્ત પ્રવેશવાનો અને પોલીંગ ઓફિસરને ધમકી આપવાનો આરોપ છે.

### મધ્યપ્રદેશમાં ત્રણ ચૂંટણી કર્મચારીઓના મોત


મધ્યપ્રદેશ લોકસભા ચૂંટણીમાં કાર્યરત ત્રણ કર્મચારીઓના મૃત્યુ નીપજ્યા છે. હૃદયરોગ અને બ્રેન હેમરેજના કારણે આ કર્મચારીઓના મૃત્યુ થયા છે.

રેસીડેન્સીયલ પ્લોટ વેચવાનો છે
NA / NOC ટાઇટલ ક્લીયર
૧) પ્રથમ બંગ્લોઝ - કુડાસણ - ૧૬૮.૩૯ વાર
૨) માનસરોવર ક્રીશ્ના - સરગાસણ - ૨૪૦.૦૦ વાર
દલાલ માફ
મો. ન. ૯૮૨૫૧૯૯૪૯૭

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
₹26*/500 mL
અમૂલ ગોલ્ડ

*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply. For any clarification please contact us on 7778970697; 7359129222

ઝાયડસ હૉસ્પિટલ, અમદાવાદ દ્વારા
ગાંધીનગરમાં નિયમિત ઓપીડી
Zydus Hospitals A Complete Hospital

પેટ, આંતરડા અને લીવરના રોગોના સર્જન
ડૉ. વિશાલ સોની
MS, Fellow (GI Surgery) FMAS, DMAS, FALS, FIAGES
પેટ, આંતરડા, લીવરની બીમારીઓના લક્ષણો
● પિત્તાશયમાં સોજો / પથરી
● હર્નિયા
● પેટના કેન્સરની ગાંઠ
● મળમાર્ગની તકલીફો
● એપેન્ડિક્સમાં સોજો
● એસીડીટી, પેટમાં દુઃખાવો
● ઝાડામાં / ઉલ્ટીમાં લોહી પડવું
● સ્વાદુપિંડમાં સોજો, પથરી અથવા ઈન્ફેક્શન
*દૂરબીન દ્વારા ઓપરેશન (લેપ્રોસ્કોપી સર્જરી)
તારીખઃ 02-05-2019 (ગુરુવાર) | સમયઃ સવારે 10:00 થી બપોરે 12:00
સ્થળ: તેજસ સર્જીકલ હૉસ્પિટલ
પથીકા બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર-7-C, પ્લોટ નં. 951/1, ગાંધીનગર
ડૉ. વિશાલ સોની દર મહિનાના પહેલા અને ત્રીજા ગુરુવારે ઓપીડીમાં મળશે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક : સચીન જાયસ્વાલ - +91 97228 36076
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે. તપાસ ફીઃ રૂા. 500/-
ઝાયડસ હૉસ્પિટલ, સોલા બ્રિજ પાસે, એસ.જી.હાઈવે, થલતેજ, અમદાવાદ-54 | 24x7 ઈમરજન્સી નં.: +91 78744 12345
*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.

## છઠ્ઠી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



"ભારત રત્ન" ડૉ.બાબાસાહેબ આંબેડકર

મરણ અહીં છો રહ્યું,
સ્મરણમાં વહે જીંદગી



## સ્વ. ફકીરભાઈ રઘાભાઈ વાઘેલા

(પૂર્વ કેબિનેટ મંત્રી, ગુજરાત સરકાર) સ્વ.તા. ૩૦-૦૪-૨૦૧૩

સ્થળઃ- બંગલા નં.૧૦૬૪, હરિપાર્ક સોસાયટી, ચ-૨ સર્કલ, સેક્ટર-૨/ડી, ગાંધીનગર

" રડ્યા ' બેફામ ' સૌ મારા મરણ પર એજ કારણથી, હતો મારોજ એ અવસર ને મારી હાજરી નહોતી. "

પરમકૃપાળુ પરમાત્મા આપશ્રીના દિવ્ય સત્કર્મી, પૂણ્યશાળી, ધર્મિષ્ઠ અને પદ દલિતોના શુભચિંતક, પરોપકારી આત્માને સદ્‌ગતિ અને ચિરશાંતિ અર્પે તેવી પ્રાર્થના...

ગં. સ્વ. કુંવરબેન ફકીરભાઈ વાઘેલા

જીતુભાઈ ફકીરભાઈ વાઘેલા
ગૌરીબેન જીતુભાઈ વાઘેલા
ચિ. રાજવીર
ચિ. પીહૂ

અલ્પેશ ફકીરભાઈ વાઘેલા
જાગૃતિબેન અલ્પેશભાઈ વાઘેલા
ચિ. હિતાર્થ
ચિ. જૈનીલ

સમસ્ત વાઘેલા પરિવાર